જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 491, 20th September - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂ. - ૫.૦૦



## ભાજપના ગુજરાત મોડલની વાસ્તવિકતા

## INDIAનું ભારત કરવાનો તુક્કો કેમ?

## અદાણીનું શેરબજાર કૌભાંડ સરળ ભાષામાં, ૩૦ મુદ્દામાં

## રાહુલજી યુરોપના દેશોમાં છવાઈ ગયા...






IDEAL




BHARAT
JODO
YATRA







**સંપાદક અને પ્રકાશક**

વિજય દવે

**સહ સંપાદક**

ડો. મનિષ દોશી


RNI No. : 70957/1998

L-5/131/GAMC/1720/2021-23

**વર્ષ : ૧૬-૧૭**

**સળંગ અંક : ૪૯૧**

**20, September - 2023**



**રજિ. કાર્યાલય**

**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**

મંગલપ્રભાત બિલ્ડિંગ,

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,

**અમદાવાદ**

E-mail : krutsankalp2015@gmail.com



**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**

વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,

આશ્રમરોડ, અમદાવાદ.


# પ્રમુખશ્રીનો સંદેશ



**તાજેતરમાં** સાત વિધાનસભા બેઠકો માટે યોજાયેલી પેટા ચૂંટણીમાં ચાર બેઠકો પર વિપક્ષોના ગઠબંધન I.N.D.I.A.નો વિજય થયો છે, જ્યારે એન.ડી.એ. ગઠબંધન માત્ર ત્રણ બેઠકો પર સમેટાઈ ગયું. આ પરિણામો પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે- "જુડેગા ભારત, જીતેગા I.N.D.I.A.". ભાજપના અંતની હવે શરૂઆત થઈ ગઈ છે.

ગુજરાત શિક્ષણ વિભાગની કાયમી શિક્ષકના બદલે કોન્ટ્રાક્ટ પ્રથા દાખલ કરવાની જ્ઞાનસહાયક યોજના ગેરબંધારણીય અને ગુજરાતની શિક્ષણપ્રથાને નુકસાનકર્તા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં જ્યારે કાયમી શિક્ષકોની નિમણૂક અંગે સ્પષ્ટ જોગવાઈ છે, તો પછી કોન્ટ્રાક્ટ આધારિત જ્ઞાનસહાયક યોજના કેમ ? હાલ જ્યારે ૩૨,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે અને બીજી બાજુ ટેટ-ટાટ પાસ થયેલા ૫૦,૦૦૦ જેટલા યુવક-યુવતીઓ કાયમી ભરતીના સપનાં જોઈ રહ્યા છે, ત્યારે રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સત્વરે કાયમી શિક્ષકોની નિમણૂક કરવી જોઇએ અને જ્ઞાનસહાયક યોજના તાત્કાલિક રદ્ કરવી જોઈએ.

કલોલ તાલુકા પંચાયતમાં બહુમતી ધરાવતી કોંગ્રેસની બોડીને તોડવા માટે ભાજપે પોલીસનો ગેરઉપયોગ કરીને ભાજપના ઈશારે તાલુકા પંચાયતની ચૂંટણી પહેલા કોંગ્રેસના ત્રણ સભ્યોના અપહરણ કરવાની ઘટના લોકશાહીની હત્યા સમાન છે. અમારી પાસે આ ઘટનાનો વીડિયો છે અને અમે આ મુદ્દે સુપ્રીમ કોર્ટ સુધી લડત આપીશું.

કોંગ્રેસના યુવાન નેતા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી રહી ચૂકેલા દિવંગત રાજીવ સાતવજીની ૨૧ સપ્ટેમ્બરે જન્મતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાસુમન સાથે વંદન. દેશના પૂર્વ વડાપ્રધાન, પ્રખર અર્થશાસ્ત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડો.મનમોહનસિંહને ૨૬ સપ્ટેમ્બરના રોજ તેમના જન્મદિને દીર્ઘાયુ, નિરામય સ્વાસ્થ્ય માટે શુભકામનાઓ. ગુજરાત પ્રદેશના પૂર્વ પ્રમુખ અને રાજ્યના પૂર્વ ગૃહ અને શિક્ષણ પ્રધાન દિવંગત પ્રબોધભાઈ રાવલને ૨૭ સપ્ટેમ્બરે તેમની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સાથે નમન. દેશની આઝાદી કાજે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર શહીદ ભગતસિંહને ૨૮ સપ્ટેમ્બરે તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સાથે સેલ્યૂટ. ૨૮ સપ્ટેમ્બરે ઈદે મિલાદ-ઉન-નબીના તહેવાર નિમિત્તે સમગ્ર મુસ્લિમ સમુદાયને શુભકામનાઓ. ૨, ઓક્ટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિએ બાપુને કોટી કોટી નમન અને શ્રદ્ધાસુમન. જય જવાન, જય કિસાનનો નારો આપનાર સાદગી અને પ્રમાણિકતાના પ્રતિક સમાન દેશના પૂર્વ વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીને ૨, ઓક્ટોબરે તેમની જન્મજયંતિ પર શત્ શત્ નમન સાથે શ્રદ્ધાસુમન.

જય જય ગરવી ગુજરાત...



**શક્તિસિંહ ગોહીલ**

પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


गुरु, क्या देख रहे हो?
चेले, ये देख रहा हूँ कि कोई देश में चैन से जी तो नहीं रहा।


गुरुदेव आप "वन नेशन वन इलेक्शन" क्यों चाहते हैं ?
Cartoon creator2
जानता सिंह एक झूट से ही सारे इलेक्शन निपटना चाहता हूँ।


आज समझ आया इनको बचाने का राज। अगर नीचे वाले गिरे तो ऊपर वाले भी गिर जाएँगे।


E
F
E
F
चेले ये कौन सा यंत्र है?
गुरु ये अंधभक्त यंत्र है दिमाग़ से ख़ाली ज़ुबान से भरा हुआ।


मैं आप लोगो को ऐसे सूखी रोटी खाते नहीं देख सकता... लो इस पर जीएसटी लगाओ!
!!?
GST


इतनी महंगाई में घर कैसे चलाऊं?
अबे हमें क्या पता... हमने कभी घर चलाया हो तो हमें पता हो
महंगाई

# ભાજપના ગુજરાત મોડલની વાસ્તવિકતા

**કેગના રિપોર્ટમાં ગુજરાતમાં ૨૧,૫૧૪ કેસમાં ૧૩,૮૬૦ કેસ એકીસાથે બે હોસ્પિટલમાં દર્શાવાયા છે, આવા કિસ્સાઓમાં ૩૦૨ હોસ્પિટલો સામેલ છે, 'આયુષ્યમાન મા યોજના'માં ગુજરાતમાં મૃત્યુ પામેલા દર્દીઓ પર સારવાર કરાવવાના કિસ્સા સામે આવ્યા છે, દર્દીના મોત પછી નવી સારવારના નામે નાણાં ચૂકવાયા છે**

**સમગ્ર** દેશમાં ગુજરાત ઘણી સદીઓથી-વહાણવટાના જમાનાથી એક આદર્શ મોડલ રાજ્ય ગણાય છે. ભારતના અન્ય રાજ્યોની તુલનામાં તેની સુખાકારી અને સમૃદ્ધિ સતત વખણાતી રહી છે. ગુજરાતીઓ અનેક રીતે અજાયબ મહાજાતિ છે. ગુજરાતીઓનું ગણિત અને જીવન-ગણિત એટલાં બધાં ગહન છે કે એ જ તાકાત પર તેઓ સફળતાનાં શિખરો ચાલતાં ચાલતાં સર કરી લે છે, પરંતુ છેલ્લા થોડાંક વર્ષોથી ઘણાં કારણોસર ગુજરાતની આગેકૂચ અટકી ગઈ છે. દેશમાં સ્વાસ્થ્યમાં આપણે નવમે નંબરે છીએ. શિક્ષણમાં ગુજરાત દસમા સ્થાને છે. આપણી ખાનગી શાળાઓની ઈમારતો ખૂબ જ આધુનિક છે, કારણ કે શાળાઓનાં સંચાલકો બિલ્ડર જેવી દૃષ્ટિ ધરાવે છે, પણ એ જ આધુનિકતાના પડદા પાછળ શૈક્ષણિક ગુણવત્તાનો ધડો નથી. ગુજરાતની આગેકૂચ અટકી ગઈ છે. અત્યારનું ગુજરાત ''ન દેખાતા સંઘર્ષમાં ગુજરાત'' થઈ ગયું છે.




દેશભરમાં સપ્ટેમ્બરને રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલી માહિતી મુજબ ગુજરાતને કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ સુધીના પાંચ વર્ષ દરમિયાન ૩૦૪ કરોડ રૂપિયા પોષણ અભિયાન હેઠળ ફાળવવામાં આવ્યા હતા, જેમાંથી ૨૯૬ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. તેમ છતાં ગુજરાતમાં પોષણની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો નથી.

ગુજરાતમાં કુપોષણની સ્થિતિ જોવામાં આવે તો ૫ વર્ષથી નાના ૧૫.૯ લાખ બાળકો કમજોર (ઊંચાઈના પ્રમાણમાં ઓછું વજન) છે. જ્યારે રાજ્યમાં કુંઠિત બાળકો ૨૩.૩૯ લાખ, અતિ કમજોર બાળકો ૬.૩૧ લાખ, ઓછું વજન ધરાવતા ૨૩.૭૯ બાળકો અને લોહીની ઉણપ ધરાવતાં ૪૩.૩૨ લાખ બાળકો છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ અને ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિચર્સ ઈન્સ્ટિટ્યૂટના આકલન મુજબ ગુજરાતમાં ૧૫ થી ૪૯ની વય જૂથમાં ૧.૨૬ કરોડ મહિલાઓમાં લોહીની ઉણપ છે. જ્યારે રાજ્યમાં ૫ વર્ષથી નાના ૭૯.૭ ટકા બાળકોમાં લોહીની ઉણપ છે, જે દેશમાં સૌથી વધુ છે. ગુજરાતમાં ૨૫.૧ ટકા કમજોર અને ૩૯.૭ ટકા ઓછું વજન ધરાવતા બાળકો છે. દેશમાં બિહાર બાદ સૌથી વધુ કુપોષિત બાળકોનું પ્રમાણ ગુજરાતમાં છે. આદિવાસી જિલ્લાઓ પંચમહાલ, દાહોદ, તાપી અને ડાંગમાં કુપોષિત મહિલાઓનું પ્રમાણ વધુ છે.

વાઈબ્રન્ટ ગુજરાતમાં કથળતા શિક્ષણની પોલ ઉઘાડી પડી ગઈ છે. ભણે ગુજરાત, વાંચે ગુજરાત જેવા સરકારી તાયફા કરીને રાજ્ય સરકાર દર વર્ષે કરોડોનું આંધણ કરે છે પણ હકીકત એ છે કે ગુજરાતમાં શિક્ષણ કથળી રહ્યું છે. બાળકો અધવચ્ચે શિક્ષણ છોડી રહ્યા છે. પ્રવેશોત્સવ જેવી

ઈવેન્ટ કરીને સરકાર-શિક્ષણ વિભાગ પોતાની પીઠ થપથપાવે છે. આ ઉપરાંત શિક્ષણ પાછળ કરોડો રૂપિયા ફાળવ્યા હોવાના દાવા કરે છે. હકીકતમાં ગુજરાતમાં શિક્ષણની અવદશા છે. રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો વધ્યો છે. માત્ર અમદાવાદ જિલ્લામાં જ ૧૦ હજાર છોકરા-છોકરીઓએ ભણવાનું છોડી દીધું છે. તેમણે ધો.૮ થી ધો.૯માં પ્રવેશ જ લીધો નથી.

આખા રાજ્યમાં ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓની સંખ્યા એક લાખથી વધુ હોવાનો અંદાજ છે. આના માટે ખુદ શિક્ષણ વિભાગ જ જવાબદાર છે, જેણે પરિપત્ર બહાર પાડીને તીડ ભગાવવાની જવાબદારી સોંપી હતી. શિક્ષકોને ભણાવવાના બદલે અન્ય કામગીરી સોંપાઈ રહી છે. રાજ્યમાં ૫૬૧૨ શાળાઓને મર્જ કરીને તાળાં મારી દેવાયા છે. ૩૨ હજાર શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, ૧૪,૬૫૨ શાળામાં એક જ વર્ગ છે (બધાય ધોરણના વિદ્યાર્થીઓ ભેગા બેસીને એક વર્ગમાં ભણે છે અને ૩૮ હજાર વર્ગ ખંડોની ઘટ છે. દિવસે દિવસે રાજ્યમાં શિક્ષણની સ્થિતિ વધુ ને વધુ કથળતી જાય છે.

ગુજરાત સરકાર કોમન યુનિવર્સિટી એક્ટ લાગુ કરવા માગે છે. ગુજરાતમાં આવેલી ૮૦ યુનિવર્સિટીમાંથી ફક્ત ૧૧ યુનિવર્સિટી સરકારી છે, તેમાં જ તે લાગુ પડશે. બાકીની ખાનગી યુનિવર્સિટીઓમાં લાગુ નહીં પડે. સૂચિત કાયદામાં 'રાજ્ય સરકાર' એવા બે શબ્દો ૧૭૧ વખત લખવામાં આવ્યા છે. રાજ્ય સરકારનો યુનિવર્સિટીઓ પર પોતાનો ગાળિયો સખત કરવા માટેનો આ પ્રયાસ છે. આ કાયદો પસાર થશે તો ૧૧ યુનિવર્સિટીઓ સરકારી કચેરીઓ બની જશે, સરકારી અધ્યાપકો રાજ્ય સરકારની પરવાનગી વગર કોઈ પણ લેખ, પુસ્તક, રિસર્ચ પેપર પ્રકાશિત કરી શકશે નહીં. ચૂંટાયેલા વિદ્યાર્થી સંગઠનને નાબૂદ કરી દેવાથી વિદ્યાર્થીઓ પાસે તેમની મુશ્કેલીઓ રજૂ કરવાનું સ્થાન નહીં રહે. શાસક પક્ષ પોતાના એજન્ડા મુજબ અભ્યાસક્રમ નક્કી કરશે, જેથી શિક્ષણની ગુણવત્તા નબળી પડશે. વિદ્યાર્થીઓએ પ્રવેશ લેતી વખતે શિસ્ત જાળવવા માટેના ફોર્મ પર સહી કરવી પડશે. શિસ્તના ધારા-ધોરણ યુનિવર્સિટી (સરકાર)ની મરજી પ્રમાણે રહેશે. આમ કોમન યુનિવર્સિટી એક્ટ ખાનગીકરણને પ્રોત્સાહન આપે છે. શિક્ષણનો ખર્ચ આસમાને પહોંચશે, જેથી લોકો માટે ઉચ્ચ શિક્ષણ મેળવવું મુશ્કેલ બનશે. ચૂંટાયેલી પાંખો દૂર થતાં, સેનેટ, સિન્ડિકેટ નાબૂદ થશે. ફક્ત વાઈસ ચાન્સેલર સરકારની સૂચના પ્રમાણે વર્તશે. ક્યાંય આ કાયદામાં વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપવા દુનિયાની ૧૦૦ યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવવા શું કરવું તે દેખાતું નથી.

ડબલ એન્જિન સરકારનાં બણગાં ફૂંકનારી સરકારે ગુજરાત માટે રેલવે મંત્રાલય દ્વારા ૨૦૧૮ થી ૨૦૨૩ સુધીના પાંચ વર્ષમાં મંજૂર થયેલા કુલ રૂ.૩૦,૭૮૯ કરોડના ૩૬ જેટલા જુદાં જુદાં રેલવે પ્રોજેક્ટો પૈકી એક પણ પ્રોજેક્ટ હજી પૂરો કર્યો નથી. ચાલુ પ્રોજેક્ટો ક્યારે પૂરા થશે તે નક્કી નથી. ૩૨૦૦ કિ.મી.ની લંબાઈના કુલ રૂ.૩૦,૭૮૯ કરોડના ૩૬ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેકટ પૈકી ફક્ત ૭૩૫ કિ.મી. લંબાઈના કામો ચાલુ થયા છે, જેમાં માર્ચ-૨૩ સુધીમાં રૂ.૬૧૧૩ ખર્ચાયા છે. બાકી કામોનું ઠેકાણું નથી, તે આયોજનના તબક્કામાં છે. નવી લાઈન નાંખવાની, ગેજ પરિવર્તન, લાઈનો ડબલ કરવાની યોજનાઓ મંજૂર થયેલી છે, પણ તે કામ પૂરા થયા નથી. રૂ.૩૦,૭૮૯ કરોડમાંથી ફક્ત ૨૦ ટકા જ રકમ ખર્ચાઈ છે. ગુજરાતને થતો અન્યાય શાસકોને કેમ દેખાતો નથી.

ગરીબ મધ્યમ વર્ગના દર્દીઓને સારવાર આપતી સરકારી આયુષ્યમાન 'મા યોજના'માં ગોલમાલના સંખ્યાબંધ કિસ્સા સામે આવ્યા છે. ગુજરાતમાં ૧૩,૮૬૦ દર્દીઓને એકીસાથે બે હોસ્પિટલમાં દાખલ કરેલા બતાવાયા છે. એક હોસ્પિટલમાં હૃદયરોગની સારવાર લેતો અને બીજી હોસ્પિટલમાં કિડનીની સારવાર કે સર્જરી કઈ રીતે દર્દી કરાવી શકે ?

કેગના રિપોર્ટમાં ગુજરાતમાં ૨૧,૫૧૪ કેસમાં ૧૩,૮૬૦ કેસ એકી સાથે બે હોસ્પિટલમાં દર્શાવાયા છે. આવા કિસ્સાઓમાં ૩૦૨ હોસ્પિટલો સામેલ છે. 'આયુષ્યમાન મા યોજના'માં ગુજરાતમાં મૃત્યુ પામેલા દર્દીઓ પર સારવાર કરાવવાના કિસ્સા સામે આવ્યા છે. દર્દીના મોત પછી નવી સારવારના નામે નાણાં ચૂકવાયા છે. હોસ્પિટલોમાં બેડની સંખ્યા કરતાં વધુ પ્રમાણમાં દર્દીઓ દર્શાવાયા છે. ૫૫ બેડની કેપેસિટીવાળી હોસ્પિટલમાં ૨૪૦ દર્દીઓ એકી સાથે દાખલ કરેલા દર્શાવાયા છે. મૃત્યુના ઓડિટ રિપોર્ટ અને ડેથ સમરી રિપોર્ટ સિવાય હોસ્પિટલોને નાણાં ચૂકવાયા છે. રાજ્યમાં

૧૫૪૭ મોતના કિસ્સામાં કોઈ જ પ્રકારના રિપોર્ટ થયા નથી. ગુજરાતમાં આયુષ્યમાન મા યોજના- પીએમજેવાયનો અમલ કઈ રીતે થાય છે તેને આપણે શું કહીશું, અનિયમિતતા, અચોક્કસતા, બેદરકારી કે સડેલું તંત્ર ?

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૯.૦૩ લાખ બેરોજગારોએ રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી કરાવી છે, જે પૈકી ૧૭.૨૬ લાખ શિક્ષિત બેરોજગાર અને ૧.૭૬ લાખ અર્ધશિક્ષિત બેરોજગાર હતા.

સાંસદો, ધારાસભ્યો, જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખો, મેયર જેવા પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જાહેર કામો માટે અધિકારીઓને ફોન કરે અને તે ના ઉપાડે એટલે સરકારે આદેશ કરવો પડે કે અધિકારીઓએ ફોન ઉપાડવા એ ગુજરાતની ભાજપની ચૂંટાયેલી સરકારની કમનસીબી છે. ટૂંકમાં ભાજપના ચૂંટાયેલા સભ્યો અધિકારી સાથે કામ કેવી રીતે લેવું તે માટે કેપેબલ નથી. પ્રજાના પ્રશ્નો ઉકેલવા અધિકારીઓ તેમને ગાંઠતા ન હોય તો સામાન્ય પ્રજાની હાલત શું હશે ?

ઇન્ડિયા સ્કિલ રિપોર્ટ-૨૦૨૩ અનુસાર યુવાઓ માટે રોજગાર ક્ષમતા ધરાવતાં દેશમાં ટોપ ફાઈવ રાજ્યોમાં'ય ગુજરાતને સ્થાન મળ્યું નથી. રૂ. બે લાખથી વધુ પગાર આપી શકે તેવી વ્યવસ્થા ધરાવતાં દેશના ટોપ પાંચ રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થતો નથી. યુવાઓને રોજગારી આપવામાં ગુજરાત અગ્રેસર છે તેવા બણગાં ફૂંકવામાં આવી રહ્યા છે. ત્યારે કૌશલ્ય આધારિત રોજગારીના દાવાનો પરપોટો ફૂટી ગયો છે. સ્કિલ ડેવલપમેન્ટમાં ગુજરાત અન્ય રાજ્યો કરતાં પાછળ રહ્યું છે. મોટા ઉદ્યોગોને મદદ કરવાની નીતિને લીધે નાના-મધ્યમ કદના ઉદ્યોગોને તાળાં લાગી રહ્યા છે. જી.આઈ.ડી.સી.માં ૫૦ ટકા ઉદ્યોગો અસ્તિત્વ ટકાવવા સંઘર્ષ કરી રહ્યા છે.

છેલ્લા દસ વર્ષના સ્કિલ રિપોર્ટ પરથી ચોખ્ખું દેખાય છે કે રોજગારીની સમસ્યા વિકટ બની રહી છે તેમ છતાં રાજ્ય સરકાર જરાય ગંભીર નથી. મોંઘુ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ શિક્ષિત યુવાનો રોજગારી માટે ભટકી રહ્યા છે. બેન્કિંગ, ફાઈનાન્સ, હોસ્પિટાલિટી, એન્જિનિયરીંગ, ઓટોમોબાઈલ્સ,ઓટોમેટિવ, સોફ્ટવેર, ઓઈલ, ગેસ, પાવર, બીપીઓ, ટેલિકોમ સહિત અન્ય સેક્ટરમાં યુવાઓ પસંદગીના રાજ્ય તરીકે ગુજરાત સિવાય અન્ય રાજ્યોને પસંદ કરે છે. રાજ્યનો શ્રમરોજગાર વિભાગ આજે ૫૦૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં યુવાઓને કૌશલ્ય આધારિત રોજગારી આપવાના બદલે આઉટસોર્સિંગ એજન્સીઓના નામે કોને મદદ કરી રહ્યો છે ?

કેન્દ્ર સરકારે વચન આપ્યું હતું કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થશે, પણ તેવું થયું નથી. બલ્કે ખેડૂતો દેવાદાર બનવા મજબૂર બન્યા છે. ગુજરાતમાં કુલ મળીને ૪૭.૫૧ લાખ ખેડૂતોના માથે દેવું છે. રાજ્યના ખેડૂતોએ ખાનગી અને સરકારી બેંકો પાસેથી કુલ એક લાખ કરોડની લોન લીધી છે. ગુજરાતમાં પ્રત્યેક ખેડૂતના માથે ૫૭ હજારનું દેવું છે.

બિયારણ, જંતુનાશક દવાઓ, વીજળી, રાસાયણિક ખાતર સહિતની ખેતીને લગતી દરેક ચીજવસ્તુઓ મોંઘી બની છે. ખેતમજૂરી ચૂકવવા છતાંય ખેતમજૂરો મળતાં નથી. પાક ઉત્પાદન થયા બાદ ખેડૂતોને પાકની પડતર કિંમત પણ મળતી નથી, તેઓ દેવાના બોજ તળે દબાઈ રહ્યા છે.

ભારત સરકારે દેશના ૧૦૦ શહેરોમાં વર્ષ ૨૦૧૫ની ૨૫મી જૂને સ્માર્ટ સિટી મિશન (પ્રોજેક્ટ)નો અમલ શરૂ હતો. ગુજરાતમાં આ પ્રોજેકટ હેઠળ ૬ શહેરોને આવરી લેવાયા હતા, જેમાંથી એક પણ શહેરમાં તેનો સંપૂર્ણતઃ અમલ થઈ શક્યો નથી. આઠ વર્ષ પછી પણ સ્માર્ટ સિટી પ્રોજેકટ તેની પૂર્ણતા સુધી પહોંચ્યો નથી. આ છ શહેરોમાં પર્યાવરણ, જાહેર સુરક્ષા, આપત્તિ રોકવા, આરોગ્ય, શિક્ષણ, આવાસ, પાણી, સ્વચ્છતા, જે તે શહેરી સંસ્થાના કામોમાં ગતિશીલતા લાવી નાગરિક સુવિધાઓ વધારવાના પ્રોજેક્ટ હજી ચાલી રહ્યા છે, પૂર્ણ થયા નથી. ગુજરાતમાં સ્માર્ટ સિટીમાં છ શહેરો અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ, વડોદરા અને દાહોદનો સમાવશે થાય છે.

**અને છેલ્લે :** ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અમદાવાદમાં ટ્રાફિક પોલીસની એક મહિનાની સ્પેશિયલ ડ્રાઈવમાં ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના ૬૪૬ કેસ કરી ૬૨૯ વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. ■

કનૈયાલાલ મુનશીએ કહેલું, જો અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય રાષ્ટ્રવિરોધી હોય તોય તેને યોગ્ય ગણવું જોઈએ-

# INDIAનું ભારત કરવાનો તુક્કો કેમ?

**દુનિયાના સૌથી મોટા લોકતંત્ર માટે બંધારણનું નિર્માણ કંઈ ખાવાનો ખેલ નહોતો અને તે કારણે જ બંધારણના નિર્માણમાં ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૭ દિવસનો સમય લાગ્યો, આ દરમિયાન ૧૬૫ દિવસના કુલ ૧૧ સત્ર બોલાવાયા હતા**

**G-20** સમિટમાં સામેલ વિશ્વના નેતાઓ માટે ૯ સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિ ભવન ખાતે ડિનરનું આયોજન કરાયું હતું. આ માટે મોકલવામાં આવેલા આમંત્રણ પત્રમાં ‘પ્રેસિડન્ટ ઓફ ઈન્ડિયા’ને બદલે ‘પ્રેસિડન્ટ ઓફ ભારત’ લખવામાં આવ્યું છે, જેના કારણે વિવાદ શરૂ થયો છે. આ વિવાદને કારણે દેશભરમાં દેશનું નામ રાખવા માટે બંધારણસભા વચ્ચે થયેલી ઈન્ડિયા અને ભારતમાંથી કોની પસંદગી કરવી તેના પર ચર્ચા શરૂ થઈ છે. જેને પગલે સૌ કોઈ બંધારણ જ્યારે તૈયાર થયું તે સમયે બંધારણસભા સભ્યો વચ્ચે થયેલી દલીલો અને એમાંથી તૈયાર થયું આજનું આ ઈન્ડિયા.

આજે જ્યારે અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની ખૂબ ચર્ચાઓ ચાલે છે, ત્યારે કનૈયાલાલ મુનશીએ આજથી ૭૪ વર્ષ પહેલાં કહેલા શબ્દો સૌ કોઈ માટે આંખ ઉઘાડનારા છે. તે સમયે બંધારણ તૈયાર કરવામાં મુનશીનું જે યોગદાન અને દૂરંદેશી હતી તે આજે પણ ચર્ચાનો વિષય બનતો રહે છે. આજના ગુજરાતી યુવાઓ કદાચ આ વિરાટ પ્રતિભાથી અજાણ હશે. પરંતુ તેમણે જે લેન્ડમાર્ક કામ કર્યું છે તે ભાગ્યે જ કોઈ કરી શકે એવું છે. જો કે તે સમયે ભારત અને ઈન્ડિયામાંથી કયું નામ પસંદ કરવું તે અંગેની ચર્ચામાં ક.મા.મુનશીએ શું કહ્યું હતું તે અંગે કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી.

આજે અમે તમને આ સ્પેશિયલ રિપોર્ટમાં બંધારણની ડ્રાફટિંગ કમિટીના સભ્ય એવા આપણા ગરવા ગુજરાતી કનૈયાલાલ મુનશીએ તે સમયે અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અંગે આપેલા ભાષણથી લઈને તેમણે બંધારણ




ઘડવામાં આપેલા યોગદાન અંગે જણાવી રહ્યા છીએ. હાલના આ વિવાદ અંગે પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ સાથે વાતચીત કરી હતી. જેમાં તેમણે વિખ્યાત ગુજરાતી સાહિત્યકાર અને વકીલ કનૈયાલાલ મુનશીથી લઈને હાલના વિવાદ પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કર્યો હતો.

### કેવી રીતે બંધારણ અમલમાં આવ્યું?

દુનિયાના સૌથી મોટા લોકતંત્ર માટે બંધારણનું નિર્માણ કંઈ ખાવાનો ખેલ નહોતો અને તે કારણે જ બંધારણના નિર્માણમાં ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૭ દિવસનો સમય લાગ્યો. આ દરમિયાન ૧૬૫ દિવસના

કુલ ૧૧ સત્ર બોલાવવામાં આવ્યા અને દેશની આઝાદીના થોડા દિવસ બાદ એટલે કે ૨૯ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બંધારણ તૈયાર કરવા માટે બંધારણસભાએ ડ્રાફ્ટ તૈયાર કરવા માટે ડૉ.ભીમરાવ આંબેડકરના નેતૃત્વમાં ડ્રાફ્ટિંગ કમિટીની રચના કરી. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ આપણું બંધારણ તૈયાર કરવામાં આવ્યું અને ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ૨૮૪ સભ્યોએ તેના પર હસ્તાક્ષર કર્યાં. ત્યાર બાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણને લાગુ કરવામાં આવ્યું. આ સાથે જ બંધારણસભાને ભંગ કરી દેવામાં આવી.

### સાહિત્ય, રાજનીતિ, ફિલોસોફી અને ઈતિહાસમાં અમૂલ્ય યોગદાન

કનૈયાલાલ મુનશી એટલે ભારતીય વિદ્યાભવન જેવી અનેક સંસ્થાઓના સ્થાપક અને ગુજરાતી સાહિત્યના દિગ્ગજ સર્જક! ગુજરાતી-અંગ્રેજી-હિન્દી ત્રણેય ભાષામાં મુનશીએ મહત્ત્વના ગ્રંથોનું સર્જન-લેખન કર્યું છે, પણ એમની સર્જકતા ગુજરાતી નવલકથા-નાટક-વાર્તા ક્ષેત્રે નીખરી, મહોરી અને એની એક આગવી ઊંચાઈ હાંસલ કરી. એમના અભ્યાસનાં અને વિદ્વતાનાં ક્ષેત્રોમાં કાયદો, સંસ્કૃતિ, રાજનીતિ, તત્ત્વજ્ઞાન તથા ઈતિહાસનો સમાવેશ કરવો જ પડે. તેમજ 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ' ને 'પૃથ્વીવલ્લભ' જેવી ઉત્તમ નવલકથાઓ પણ લખીને સાહિત્યની સેવા કરી.

### બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીના ૭ સભ્યોમાં સામેલ હતા ક.મા.મુનશી

બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીમાં માત્ર સાત જ સભ્યો હતા, જે પૈકી એક કનૈયાલાલ મુનશી હતા. કનૈયાલાલ મુનશી બંધારણની કોર-કમિટીના સભ્ય હતા અને તેઓ બરોડા સ્ટેટના કાયદાકીય સલાહકાર હતા. બંધારણના ઘડતરમાં તેમનો મહત્ત્વનો ફાળો કહેવાય કારણ કે બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીમાં ફક્ત સાત જ સભ્ય જ હતા તેમાંના એક કનૈયાલાલ મુનશી પણ હતા. ઉપરાંત બંધારણની કમિટી ઓર્ડર ઓફ બિઝનેસના ચેરમેન પદે મુનશી હતા. ભારતીય બંધારણના નિર્માણમાં કનૈયાલાલ મુનશીની વિદ્વતાનો અંદાજ એ વાત પરથી જ આવી જશે કે, તેઓ સૌથી વધુ ૧૧ બંધારણ સમિતિના સભ્ય હતા. તેની સાથે સાથે તેમણે ડૉ.ભીમરાવ આંબેડકર સાથે મળીને બંધારણ નિર્માણની ડ્રાફ્ટિંગ કમિટીમાં કાયદામાં 'દરેક વ્યક્તિને સમાન સંરક્ષણ'ના સિદ્ધાંતનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો.

### 'દેશને ઈન્ડિયાને બદલે ભારત ના કહેવું જોઈએ'


આજના આ વિવાદ અંગે જાણીએ એ પહેલાં ૨૦૧૫માં ઈન્ડિયાનું ભારત કરવા મામલે કેન્દ્ર સરકારે શું કહ્યું હતું તે અંગે પણ જાણવું જરૂરી છે. વર્ષ ૨૦૧૫માં એક જાહેર હિતની અરજી પર જવાબ આપતા કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, દેશને ઈન્ડિયાને બદલે ભારત ના કહેવું જોઈએ. આ જાહેરહિતની અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, કેન્દ્રને રાજ્ય સરકારો દ્વારા સત્તાવાર અને અનૌપચારિક ઉદ્દેશો માટે ગણતંત્રને ભારત તરીકે સંબોધવાની માગ કરી હતી. આ સમયે કેન્દ્ર સરકારે દાવો કર્યો હતો કે, કલમ ૧માં કોઈપણ પરિવર્તન પર વિચાર કરવા માટે પરિસ્થિતિઓમાં કોઈ ફેરફાર થયો નથી.

### ૧૦૦ કરતાં વધારે અમેન્ડમેન્ટ હોવા છતાં બંધારણ મંજૂર કરી અમલમાં મૂક્યું

પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસે વાતચીતમાં જણાવ્યું કે, બંધારણ નક્કી કરવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરના અધ્યક્ષપણા હેઠળ સમિતિ રચાઈ હતી. જુદા જુદા દેશના બંધારણનો અભ્યાસ કરી ભારતના બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો. આ ડ્રાફ્ટ મંજૂર થતાં પહેલા બંધારણ સભા સમક્ષ મૂકી અને ચર્ચાને અંતે બંધારણ તૈયાર થયું છે. ૧૦૦ કરતાં વધારે અમેન્ડમેન્ટ થવા છતાં બંધારણ મંજૂર કરી તેને અમલમાં મૂક્યું. કનૈયાલાલ મુનશી જેવા વિદ્વાન માણસ હતા. બાકીના બધા પોલિટિકલ લોકો મળી કુલ અંદાજે ૩૧૯ જેટલા સભ્યો હતા જેમણે બંધારણ સભામાં ચર્ચા કરી હતી.

### 'છેલ્લા વર્ષો દરમિયાન તેમની પાછળની ગોઠવણમાં લાગ્યા હોય છે'

'આમુખથી લઈને પૂરા બંધારણમાં જે પ્રોવિઝન કરવામાં આવ્યા હતા તે દેશની **(અનુસંધાન પાન ૧૨ પર)**



# રાહુલજી યુરોપના દે



**તાજેતરમાં** રાહુલ ગાંધી 'ભારત જોડો યાત્રા'ની વર્ષગાંઠ પર યુરોપના પ્રવાસે ગયા ત્યાં રાહુલજી છવાઈ ગયા હતા. તેમણે ફ્રાંસ, બેલ્જિયમ, હોલેન્ડ અને નોર્વેની મુલાકાત લીધી હતી. તેમનો પ્રથમ પડાવ બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સમાં હતો. તેમણે ૭, સપ્ટેમ્બરે બેલ્જિયમના પાટનગર બ્રસેલ્સ ખાતે યુરોપિયન સંસદમાં યુરોપિયન સંસદ સભ્યો (MEP) સાથે એક રાઉન્ડ ટેબલ બેઠક યોજી હતી. MEP અલવીના અલ્મેત્સા અને MEP પિયરે લારૌતુરૌ દ્વારા બેઠક કો-હોસ્ટ કરવામાં આવી હતી. ત્યારબાદ ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ દ્વારા એક પત્રકાર પરિષદ પણ યોજવામાં આવી હતી જેનું આયોજન સામ પિત્રોડાએ કર્યું હતું.



આ પત્રકાર પરિષદમાં જી-૨૦ સમિટમાં કોંગ્રેસના વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેને આમંત્રણ નહીં આપવાના મુદ્દે વેધક સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, સરકારે ખડગેજીને આમંત્રણ નહીં આપવાનો નિર્ણય કરીને એ સાબિત કરી દીધું છે કે સરકાર દેશની ૬૦ ટકા જનતાનું નેતૃત્વ અને પ્રતિનિધિત્વ કરનારને મહત્વ આપતી નથી, જે સરકારની વિચાધારાને પણ દર્શાવે છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભારતમાં હાલ મહાત્મા ગાંધી અને નાથુરામ ગોડ્સેના વિઝન વચ્ચે લડાઈ ચાલી રહી છે. લોકતંત્ર અને સંસ્થાનો પર હુમલાઓ થઈ રહ્યાં છે. હિંસા-ભેદભાવ વધ્યાં છે. લઘુમતીઓ, દલિતો, આદિવાસીઓ પર હુમલાં કરવામાં આવી રહ્યાં

છે. મોદી સરકાર દેશ
બનાવવા અને મૂડીવાદી
કાર્યરત્ છે. રાહુલજીએ
સ્વરૂપને બદલવાનો
સંવિધાનમાં આપણાં દેશ
વર્ણવવામાં આવેલ છે.

I.N.D.I.A. અ
ગભરાટમાં છે અને ભાર
પ્રધાન ગભરાયેલા છે
બદલવા માગે છે. અદાણ



# શોમાં છવાઈ ગયા...






માં વિભાજનને કાયમી
હિતોને આશ્રય આપવા
જણાવ્યું હતું કે દેશના
પ્રયાસ થઈ રહ્યો છે.
ાને રાજ્યોના સંઘ તરીકે

લાયન્સને લઈને સરકાર
તનો અવાજ છીએ. વડા
અને તેઓ દેશનું નામ
ી પર મારી પ્રેસ કોન્ફરન્સ



બાદ આ સમગ્ર મુદ્દો ઉભો થયો છે કે જેથી દેશનું ધ્યાન બીજે ભટકાવી શકાય.

કેટલાય લોકોને ફરીથી ગરીબીમાં ધકેલી દેવામાં આવ્યા છે, એવું જણાવીને રાહુલજીએ કહ્યું હતું કે ભારતમાં અત્યારે છેલ્લા ૪૦ વર્ષમાં સૌથી વધુ બેરોજગારી છે અને ભારત યાત્રા દરમિયાન હું હજારો યુવાનોને મળ્યો હતો. તેમણે મને ત્રણ મુખ્ય વાતો કહી હતી. નંબર એક બેરોજગારી, નંબર બે ગરીબીના સ્તરમાં ભારે વધારો અને આવકનું સંપૂર્ણ વિચલન અને તેથી ખૂબ ઓછા લોકો શ્રીમંત બની રહ્યાં છે અને મોટા ભાગના લોકો ગરીબીમાં ધકેલાઈ રહ્યાં છે અને ચીજવસ્તુઓના ભાવ અને ફુગાવો વધતો જાય છે.

રાહુલજીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ લોકોના અવાજને મહત્વ આપે છે. અમે ગરીબોના અવાજની કદર કરીએ છીએ. અમે તમામ હિતધારકોના અવાજને પ્રાધાન્ય આપીએ છીએ. કાશ્મીર બાબતે રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, તે ભારતનું અભિન્ન અંગ છે. યુક્રેન-રશિયા યુદ્ધ પર અમે દેશના વલણને સમર્થન આપીએ છીએ.

રાહુલજીએ ફ્રાંસ, બેલ્જિયમ, હોલેન્ડ અને નોર્વેમાં અનેક કાર્યક્રમો અને બેઠકોમાં ભાગ લીધો હતો. તેમણે માનવાધિકાર પર યુરોપિયન સંસદની સબ-કમિટીના અધ્યક્ષ ઉડો બુલમેન સાથે પણ બેઠક યોજી હતી. ફ્રાંસની રાજધાની પેરિસમાં સાંસદો ઉપરાંત સાયન્સીઝ પો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે અલગ અલગ વાતચીત કરી હતી. નેધરલેન્ડમાં હેગ ખાતે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી. ■



**INDIAનું ભારત કરવાનો... પાન ૯થી ચાલુ)**

લોકશાહીને અનુકૂળ છે કે નહીં, જો ન હોય તો શું કરી શકાય? વગેરે જેવી ચર્ચા હતી. જેમ કે આમુખની વાત કરીએ તો આમુખમાં એક જ વખત અમેન્ડમેન્ટ થયું છે. કનૈયાલાલ મુનશીની વાત કરીએ તો તે વકીલ, રાજનીતિજ્ઞ, શિક્ષણવિદ અને લેખક પણ હતા. તેમણે કેટલીક બાબતોએ કહ્યું હતું કે જે પાયાની વાત હતી. જેમ કે બંધારણીય વ્યક્તિ જે કોઈપણ પોસ્ટ પર હોય તેને પછીથી કોઈ અપોઈન્ટેડ પોસ્ટ ન લેવી જોઈએ. જો એમ થાય તો રાજકીય ઈન્ફ્લુઅન્સ (પ્રભાવિત) ઊભી થાય. જે આજે જોવા મળે છે. દા.ત. ગોગોઈ આજે રાજ્યસભામાં ગયા છે તો તેમણે સુપ્રીમ કોર્ટનું કદ નાનું કર્યું છે. સુપ્રીમ કોર્ટના જજ ગવર્નર તરીકે જાય છે, જે બંધારણની સ્વતંત્ર સંસ્થા છે એ વ્યક્તિ હોમ મિનિસ્ટરના તાબામાં કામ કરે, તેનો ઓર્ડર સ્વીકારે. સિવિલ સર્વન્ટ માટે પણ એમ થાય છે. છેલ્લાં વર્ષો દરમિયાન તેમની પાછળની ગોઠવણમાં લાગ્યા હોય છે. ગુજરાતના આઈએએસ લલિત દલાલ જેવા લોકો સાથે કામ કર્યું છે જે નિયમ વિરુદ્ધ હોય તો મુખ્યમંત્રીને કહી શકતા હતા. એ વખતના મુખ્યમંત્રી પણ ઉદારવાદી હતા જે વાત સ્વીકારતા હતા'.

**જો અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય રાષ્ટ્ર વિરોધી હોય તો પણ તેને યોગ્ય ગણવું જોઈએ**

'કનૈયાલાલ મુનશીએ તો એમ પણ કહ્યું હતું કે જો અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય રાષ્ટ્ર વિરોધી હોય તો પણ તેને યોગ્ય ગણવું જોઈએ જેથી મત ખ્યાલ આવે. ચર્ચાના અંતે બંધારણના ઉદ્દેશો ખૂબ સારા હતા પણ એની ધૂળધાણી કરી નાખી છે.

વિધાનસભામાં સ્પીકર એ વિધાનસભાના માલિક છે. હવે તેમને મંત્રી બનાવો તો એ સ્પીકર નિર્ણય આપશે. મેં એવા પણ સ્પીકર જોયા છે જે મુખ્યમંત્રીના ઈશારા પ્રમાણે કામ કરતા હતા. વિધાનસભામાં પોર્નોગ્રાફી જોતા સભ્યો સામે પણ સ્પીકર કંઈ ન કરી શકે. આ રીતે ગૃહની ગરિમા ઘસાતી જાય છે. આ પરિસ્થિતિમાં બંધારણની બાબતે ચર્ચા હતી. કનૈયાલાલ મુનશીની નવલકથા પણ વાંચો તો તે ભારતીય સંસ્કૃતિ પર છે. તે ખૂબ અભ્યાસુ વ્યક્તિ હતા. હિંદુ ધર્મના પાયાના સિદ્ધાંત કહે છે કે દરેક દિશાઓમાંથી સારા વિચારો આવવા જોઈએ'.

**સરકારની ટીકાનું સ્વાગત કરવું જોઇએઃ કનૈયાલાલ મુનશી**

હવે આપણે જોઇએ કે, બંધારણના નિર્માણ દરમિયાન સરકારની ટીકા અંગે શું ચર્ચા થઈ હતી. જ્યારે આઝાદી બાદ તત્કાલીન ભારતીય નેતાઓને સ્વતંત્ર ભારતના બંધારણની કલમ ૧૯(૧)(એ)માં નિહિત ભાષણ અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય માટે કાયદામાંથી ઉત્પન્ન જોખમોનો અહેસાસ થયો. બંધારણ સભાએ આ મૌલિક અધિકારો પર પ્રતિબંધ મૂકવાની યાદીમાંથી રાજદ્રોહને હટાવવા માટે એક સંશોધન રજૂ કર્યું. આ સમયે ભારતની આઝાદીને કારણે રાજદ્રોહ કાયદાની વ્યાખ્યામાં જરૂરી ફેરફાર પર પ્રકાશ પાડતા કનૈયાલાલ મુનશીએ કહ્યું હતું કે, સરકારની ટીકાનું સ્વાગત કરવું જોઇએ અને ઉશ્કેરણીની વચ્ચે એક રેખા ખેંચવી જોઇએ. શું રાજદ્રોહ શબ્દને બંધારણના ડ્રાફ્ટમાંથી હટાવવો ન જોઇએ? એક ખોટી ધારણા બંધાશે કે આઈપીસીની કલમ ૧૨૪-એને સ્થાયી રાખવા માગીએ છીએ. કાયદાનો ઉપયોગ હંમેશાં અસહમતી પર અંકુશ લગાવવા, સરકાર પર લક્ષિત કોઈપણ પ્રકારના વિરોધને કચડી દેવા માટે કરવામાં આવતો હતો.

કનૈયાલાલ મુનશીની આ ધારદાર દલીલો બાદ આ સંશોધન પસાર થઈ ગયું અને અપનાવવામાં આવેલા બંધારણમાં રાજદ્રોહના આધાર પર અભિવ્યક્તિની સ્વતંત્રતા પર પ્રતિબંધ લગાવવાની મંજૂરી આપવામાં આવી નહીં.

**એક તરફ વિશ્વ ગુરુ થવું છે તો એવા સમયે ઈન્ડિયાને બદલે ભારત કરીશું ?**

ભારત-ઈન્ડિયાના વિવાદ અંગે એ લોકો પોતાની અનુકૂળતાએ રૂલિંગ પાર્ટી વાપરે છે. વર્ષ ૨૦૧૫માં એ લોકોએ જ કહ્યું હતું કે ઈન્ડિયાને ભારત કરવાની જરૂર નથી. એક તરફ વિશ્વ ગુરુ થવું છે તો એવા સમયે ઈન્ડિયાને બદલે ભારત કરીશું? છેલ્લાં ૩ અઠવાડિયામાં આ તુક્કો શોધ્યો છે. પહેલા તો એમ માનતા કે આ લોકો ભેગા થશે?

ભેગા થયા એટલે આ લોકોએ ઈન્ડિયાના ગઠબંધનનું ઠગબંધન કર્યું. હવે એવી માન્યતા ફેલાવવા માંગે છે કે ઈન્ડિયા કોલોનિઅલ રૂલ સમયનું છે. જો એમ છે તો કોમનવેલ્થમાંથી બહાર નીકળી જાઓ. કોમનવેલ્થમાં કિંગને વડા માનો છો અને અહીં એમ કહો છો કે કોલોનિઅલ રૂલ સમયનું કંઈ જોઈતું નથી તો બધું જ બદલવું પડશે. કોલોનિઅલ રૂલ ખરાબ છે પણ એમાં બધું જ ખરાબ છે એમ નથી. જો ઈન્ડિયા તરીકે તમે જાણીતા હતા તો ઈન્ડિયા એ જ ભારત છે એમાં ખોટું શું છે.

**અત્યારે જ કેમ સૂઝ્યું ?**

વિપક્ષના ગઠબંધનના નામ ઈન્ડિયામાં હવે વિપક્ષી એકતામાં કઈ રીતે છેદ પાડવો એ સૂઝતું નથી એટલે વન નેશન-વન ઈલેક્શન જેવા તુક્કા ચાલુ કર્યો છે. ગમે-તેમ કરીને સત્તા પર ચોંટી રહેવું. ભારતીયતાનો ઈજારો ભારતીય જનતા પાર્ટીના નામમાં આવે છે એટલે લીધો છે? શ્યામા પ્રસાદ મુખરજી અને અટલજી પણ કોંગ્રેસના સભ્ય હતા. અત્યારે જ કેમ સૂઝ્યું ? તો માત્ર લોકોને ગેરમાર્ગે દોરવા માટે કે ઈન્ડિયા એટલે સામાવાળા અને ભારત એટલે દેશભક્ત. ભાજપે પહેલા તો સમજાવવું પડશે કે ૨૦૧૫માં ના કહ્યા બાદ એવો કેવો સાક્ષાત્કાર થયો કે આવું કરવું પડે છે?

**મુનશીએ લઘુમતીઓને અધિકાર આપવાની માગણી પણ કરી**

કનૈયાલાલ મુનશીએ બંધારણમાં લઘુમતીઓને વધુ અધિકાર આપવાની પણ માંગ કરી હતી. તેમના દ્વારા આ મુદ્દા પર તૈયાર કરવામાં આવેલી પ્રશ્નોત્તરીને તમામ લઘુમતી સમુદાયોના નેતાઓને મોકલવામાં આવી હતી, જેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો હતો કે, કોઈ અધિકારથી વંચિત ન રહી જાય. કે.એમ.મુનશી ઈચ્છતા હતા કે નાગરિકો માટે સેનામાં ભરતી પણ ફરજિયાત કરવી જોઈએ જેથી ઈમર્જન્સીની સ્થિતિમાં પણ કોઈ મુશ્કેલી ન પડે.

**'આ તંત્રને કઈ રીતે સ્વતંત્ર રાખવું એ સરકારે જોવું પડશે'**

કનૈયાલાલ મુનશીનો મૂળ મુદ્દો એ હતો કે ભારતીયતા ઉપર આધારિત વ્યવસ્થા હોવી જોઈએ. ભારત કહો એટલે ભારતીયતા, એની સંસ્કૃતિ, સંસ્કાર. હિન્દુ ધર્મ અનેક હુમલા થવા છતાં પણ હયાત છે અને બીજા બે ધર્મોને જન્મ આપ્યો છે. પહેલા હિન્દુ સંસ્કૃતિ સમજવી જોઈએ. ફરી કહું કે આખી ચર્ચા લઈએ તો મહદંશે પાયાના સિદ્ધાંત જેવા કે બંધારણના પાયાને સ્વતંત્રતાથી ઓપરેટ થવા દેવું. ન્યાય સમયસર નહીં મળે અથવા તો ન્યાયને સત્તા દોરતી હશે તો લોકોને વિશ્વાસ નહીં રહે અને બંદૂક ઉઠાવશે. ન્યાય મોંઘો બન્યો છે. આ તંત્રને કઈ રીતે સ્વતંત્ર રાખવું એ સરકારે જોવું પડશે.

**'બંધારણને વફાદાર રહેવાના સોગન લઈને પણ તમે વફાદાર રહેતા નથી'**

'કનૈયાલાલ મુનશી એ જ કહેતા કે વાણી સ્વાતંત્ર્ય. બંધારણ સભાની ચિંતા એ હતી કે જે બંધારણ આપે તેના ચાર પાયા સ્વતંત્રતાથી કામ કરી શકે. ઈલેક્શન કમિશનની પસંદગીમાં પણ ફેરફાર લાવે છે એ દેખીતી રીતે અન્યાય કરે છે. ગવર્નર બનાવશે એ આશાએ જો જજ નિર્ણય આપશે તો જેના ટેક્સમાંથી પગાર થાય છે એના પ્રત્યે વફાદારીનું શું ? ગવર્નર આજે એવાં કામ કરે છે જે એમણે નથી કરવાનાં. ગૂજરાત વિદ્યાપીઠમાં આચાર્ય દેવવ્રતનું કદ શું ? ક્વોલિફાઈડ વાઈસ ચાન્સેલર અપોઈન્ટ કરો એ કામ છે. હેસિયત બહારનાં કામો કરે છે. ગવર્નરનો આવો ઉપ યોગ કરવાનો ? તમારા માટે એનો ઉપયોગ કરો છો તો આવા ખર્ચ કેમ કરો છો ? ભગતસિંહ કોશિયારીને કેમ સવારે ૪ વાગ્યે શપથવિધિ કરાવવાની જરૂર પડી ? સરકારમાં જોડાઈ જાઓ. બંધારણને વફાદાર રહેવાના સોગન લઈને પણ તમે વફાદાર રહેતા નથી'.

**સુપ્રીમ કોર્ટની આવશ્યકતા પર શું કહ્યું હતું મુનશીએ?**

બંધારણના નિર્માણ દરમિયાન ક.મા. મુનશીનો વિચાર હતો કે, મૌલિક અધિકારો લાગુ કરવા માટે ઉચ્ચ અદાલતોને રિટ જારી કરવાનો પણ અધિકાર હોવો જોઈએ અને બંધારણમાં તેની વ્યવસ્થા કરવી જોઇએ. સુપ્રીમ કોર્ટ બનાવવાની સાર્થકતા પર તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર અને રાજ્યના મામલાઓની સુનાવણી અને રાજ્યના આદેશ વિરુદ્ધ અપીલ માટે સુપ્રીમ કોર્ટ આવશ્યક છે. ઉલ્લેખનીય છે કે, આઝાદી પહેલાં દેશમાં માત્ર હાઈકોર્ટો જ હતી. વિવાદ થાય ત્યારે ઇંગ્લેન્ડની પ્રિવી કાઉન્સિલમાં અપીલ

કરવી પડતી હતી. બંધારણ અમલમાં આવતા જ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ સુપ્રીમ કોર્ટ પણ અસ્તિત્વમાં આવી ગઈ હતી.

**'લોકશાહીની આ દશા થશે એ બંધારણ સભાને પણ ખ્યાલ નહીં હોય'**

બંધારણ અંગે હાલ તો ગવર્નરની એક સબોર્ડિનેટ કેડર થઈ ગઈ છે. બંધારણ સભામાં જે ચર્ચા થઈ છે અને એમાં ૧૦૦થી વધારે વખત અમેન્ડ કરો છે. હવે તો એ સ્થિતિ છે કે બહુમતીથી બધું થાય છે. બંધારણ સભાએ આખી મિકેનિઝમ નક્કી કરી છે કે લોકસભાએ કઈ રીતે કામ કરવું ? સિલેક્ટ કમિટી શું કામ કરશે? પબ્લિક એકાઉન્ટ કમિટીના કેમ વિપક્ષ નેતા ચેરમેન રહેશે? પણ લોકશાહીની આ દશા થશે એ બંધારણ સભાને પણ ખ્યાલ નહીં હોય.

**ક.મા. મુનશીએ ગેરકાયદે ધરપકડ પર કરી હતી આ મહત્ત્વપૂર્ણ ભલામણ**

આ ઉપરાંત મુનશીએ એક મહત્ત્વપૂર્ણ ભલામણ કરી હતી કે, કોઈપણ વ્યક્તિને પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે કેદ કરવો જોઇએ નહીં. તેમણે ઝડપેલા વ્યક્તિને ૨૪ કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાના કાયદાની ભલામણ કરી હતી. આ બાબતે થયેલી દલીલમાં કહ્યું હતું કે, ભારતમાં વર્ષો સુધી અંગ્રેજોની શાસકીય વ્યવસ્થામાં નાગરિકને કોઈપણ ગુના વિના પણ પકડવામાં આવતા હતા અને પોલીસને તેની આદત પણ પડી ગઈ છે. જેથી આ જોગવાઇ કરવી અનિવાર્ય છે.

ક.મા.મુનશી એક સારા ચિત્રકાર પણ હતા. તેમજ તેમના પ્રયાસોથી જ ૧૪ સપ્ટેમ્બરને હિન્દી દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આપણા ગુજરાતી મુનશીએ ઉત્તર ભારતના મુનશી એટલે કે પ્રેમચંદ સાથે મળીને હિન્દીની પ્રતિષ્ઠિત પત્રિકા હંસનું પણ સંપાદન કર્યું હતું.

**બંધારણ સભામાં ઈન્ડિયા અને ભારતનાં કયાં નામોની ચર્ચા થઈ હતી?**

૧૭ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાની ચર્ચા દરમિયાન, 'સંઘનું નામ અને પ્રદેશ' કલમ ચર્ચા માટે આવી. જેવી કલમ ૧ વાંચવામાં આવી- 'ઈન્ડિયા, એટલે કે જે ભારત છે તે રાજ્યોનો સંઘ હશે'. બંધારણ સભામાં આ અંગે મતભેદો ઊભા થયા. ફોરવર્ડ બ્લોકના સભ્ય હરિ વિષ્ણુ કામથે આંબેડકર સમિતિના ડ્રાફ્ટ સામે વાંધો ઉઠાવ્યો હતો જેમાં બે નામ ઈન્ડિયા અને ભારત હતા.

આ પછી તેમણે એક સંશોધન પ્રસ્તાવ રાખ્યો જેમાં ઈન્ડિયાની જગ્યાએ ભારત નામ સૂચવવામાં આવ્યું. શેઠ ગોવિંદદાસે કહ્યું કે વેદ, મહાભારત, કેટલાંક પુરાણો અને ચીની પ્રવાસી હ્યુએન-સાંગના લખાણોમાં ભારત દેશનું મૂળ નામ હતું. તેથી આઝાદી પછી બંધારણમાં ભારતને પ્રાથમિક નામ તરીકે ન રાખવું જોઈએ. સંયુક્ત પ્રાંતના પહાડી જિલ્લાઓનું પ્રતિનિધિત્વ કરતા હરગોવિંદ પંતે સ્પષ્ટ કર્યું હતું કે ઉત્તર ભારતના લોકો ભારતવર્ષ નામ ઇચ્છે છે બીજું એકપણ નહીં. સમિતિએ કોઈપણ સુધારા પ્રસ્તાવને સ્વીકાર્યો ન હતો અને આપણા બંધારણમાં દેશનું નામ ભારત અને ઈન્ડિયા બંને પાસ કરવામાં આવ્યું હતું.

**શું દેશનું અંગ્રેજી નામ ઈન્ડિયા હટાવવાનો આ પહેલાં પ્રયાસ થયો છે?**

૨૦૧૨માં કોંગ્રેસના સાંસદ શાંતારામ નાઈકે રાજ્યસભામાં એક બિલ રજૂ કર્યું હતું. જેમાં તેમણે માંગણી કરી હતી કે બંધારણની પ્રસ્તાવનાની કલમ-૧ અને બંધારણમાં જ્યાં પણ ઈન્ડિયા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યાં તેને બદલીને ભારત કરવામાં આવે.

આ પ્રસંગે તેમણે 'ભારત માતા કી જય'ના આઝાદીના નારા અને ગીત 'જહાં ડાલ-ડાલ પર સોને કી ચિડિયા કરતી હે બસેરા, વો ભારત દેશ હે મેરા' ગીત ગાયું હતું. તેમણે કહ્યું કે ઈન્ડિયા શબ્દ સામંતશાહી શાસનને દર્શાવે છે, જ્યારે ભારત એવું નથી દર્શાવતું. શાંતારામ નાઈક ગોવા કોંગ્રેસના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

૨૦૧૪માં યોગી આદિત્યનાથે લોકસભામાં ખાનગી બિલ રજૂ કર્યું હતું, જેમાં બંધારણમાં 'ઈન્ડિયા' શબ્દની જગ્યાએ 'હિન્દુસ્તાન' શબ્દની માગણી કરવામાં આવી હતી, જેમાં દેશના પ્રાથમિક નામ તરીકે 'ભારત'નો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ■

(સૌ.દિવ્ય ભાસ્કર)

- હેમન્તકુમાર શાહ

# અદાણીનું શેરબજાર કૌભાંડ સરળ ભાષામાં, ૩૦ મુદ્દામાં

**નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ એમ બે વ્યક્તિઓએ શેર બજારમાં અદાણી જૂથની કંપનીઓના શેરની લે-વેચ માટે જે ઇન્વેસ્ટમેન્ટ ફંડનો ઉપયોગ કર્યો તે ફંડને એટલે કે તે બે વ્યક્તિઓની કંપનીઓને અદાણી પરિવારમાંથી જ સૂચનાઓ આપવામાં આવતી હતી**

**શેર** બજારની ભાષા બહુ બધાને સમજાતી નથી. એટલે એમાં જે કૌભાંડ થાય છે તેની મોટા ભાગનાને સમજણ પડતી નથી. ૧૯૯૨માં ભારતમાં હર્ષદ મહેતાનું શેર બજારનું રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૌભાંડ થયેલું અને તેને તે સમયના નાણાં પ્રધાન મનમોહનસિંહે એક "ટેક્નિકલ" કૌભાંડ તરીકે પણ ઓળખાવેલું, કારણ કે સામાન્ય લોકોને એ સમજાતું જ નહોતું કે એ કૌભાંડ શું હતું. આવી સ્થિતિ ત્યારે પણ હતી અને આજે પણ છે. રિઝર્વ બેંકના નાયબ ગવર્નર જાનકીરામનની સમિતિ એ કૌભાંડની તપાસ માટે નીમવામાં આવી હતી. તેણે તો તેના અહેવાલમાં એવું કહ્યું હતું કે હર્ષદ મહેતા કૌભાંડની રકમ કદાચ રૂ. ૫૦,૦૦૦ કરોડથી પણ વધારે હોઈ શકે. તેઓ પણ સાચો આંકડો આપી શક્યા નહોતા!

શેર બજારમાં રોકાણ કરનારા પણ એના કૌભાંડને કેટલા સમજી શકે છે તે પણ મોટો સવાલ છે. અહીં તા.૩૧-૦૮-૨૦૨૩ના રોજ OCCRP દ્વારા જાહેર થયેલા અદાણી કૌભાંડને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયાસ કર્યો છે. જે કંઈ વિગતો છે તે બધી જ તેના અહેવાલમાંથી લેવામાં આવી છે. આ કૌભાંડ OCCRP જૂથના પત્રકારોએ બહાર પાડ્યું છે. તેમણે 'ફાયનાન્સિયલ ટાઈમ્સ' અને 'ધ ગાર્ડિયન' નામનાં બે બ્રિટિશ અખબારોને આ કૌભાંડ અંગેના દસ્તાવેજો આપ્યા છે.

આ OCCRP જૂથની સ્થાપના ૨૦૦૬માં થયેલી. તે હાલ ૩૦ જેટલા દેશોમાં ૧૩૦થી વધુ તપાસકાર પત્રકારો ધરાવે છે. OCCRP નું ગુજરાતી થાય: 'સંગઠિત ગુના અને ભ્રષ્ટાચાર અહેવાલ પરિયોજના'. આ જૂથના પત્રકારો દુનિયાભરમાં જે સંગઠિત ગુનાખોરી અને ભ્રષ્ટાચાર ચાલે છે તેને દસ્તાવેજો સાથે લોકો સમક્ષ ખુલ્લો પાડવાનું કામ કરે છે. આ પત્રકાર જૂથે અદાણી જૂથની કંપનીઓ વિષે જે કૌભાંડ ચાર દિવસ પહેલાં બહાર પાડ્યું છે તેની વિગતો સમજીએ:

(૧) અદાણી જૂથમાં જે બહુમતી શેર ધરાવે છે તે લોકો એટલે કે જૂથની ભારતનાં શેર બજારોમાં નોંધાયેલી કંપનીઓના માલિકો માટે કેટલાક વિદેશી માલિકો કામ કરે છે.




(૨) અદાણી જૂથની કંપનીઓના શેરના ભાવ કૃત્રિમ રીતે ઊંચા લઈ જવા માટે નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ નામની બે વ્યક્તિઓએ વર્ષોથી કરોડો ડોલરના સોદા કર્યા છે.

(૩) આ બંને વ્યક્તિઓને અદાણી પરિવાર સાથે ગાઢ સંબંધ છે. તેઓ અદાણી જૂથ સાથે જોડાયેલી કંપનીઓમાં ડિરેક્ટર અને શેર હોલ્ડર છે. અદાણી જૂથની કંપનીઓ અને અદાણી પરિવારના વરિષ્ઠ સભ્ય વિનોદ અદાણી સાથે તેમને સંબંધ છે.

(૪) દસ્તાવેજો એમ જણાવે છે કે નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ એમ બે વ્યક્તિઓએ શેર બજારમાં અદાણી જૂથની કંપનીઓના શેરની લે-વેચ માટે જે ઈન્વેસ્ટમેન્ટ ફંડનો ઉપયોગ કર્યો તે ફંડને એટલે કે તે બે વ્યક્તિઓની

કંપનીઓને અદાણી પરિવારમાંથી જ સૂચનાઓ આપવામાં આવતી હતી.

(૫) ભારતના શેર બજારમાં એવી છાપ ઊભી થતી હતી કે અદાણી જૂથની કંપનીઓના શેર ખરીદવા માટે સામાન્ય રોકાણકારો પડાપડી કરે છે માટે અદાણીની કંપનીઓના શેરના ભાવ વધતા જ જાય છે પણ એવું નથી. હકીકતમાં આ સામાન્ય રોકાણકારો નહોતા પણ નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ એમ બે વ્યક્તિઓ હતી કે જેઓ ‘‘ઈન્સાઈડર’’ હતા.

‘‘ઈન્સાઈડર’’ શબ્દનો અર્થ એ છે કે કંપનીના માલિકો કે તેના ડિરેક્ટરો જ શેરની લે-વેચ કરનાર રોકાણકારને કંપની વિષે માહિતી આપે. ‘ઈન્સાઈડર ટ્રેડિંગ’ તરીકે આને ઓળખવામાં આવે છે. નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ પોતાની કંપનીઓ થકી અદાણી જૂથની કંપનીઓના શેરની લે-વેચ આવી ગુપ્ત માહિતી મેળવી કરતા રહ્યા. આ આમ જુઓ તો સેબી દ્વારા ઘડવામાં આવેલા નિયમોનો ભંગ છે.

(૬) OCCRP ની પત્રકાર સમિતિએ જેમનો પણ સંપર્ક કર્યો તેઓ ‘ઈન્સાઈડર ટ્રેડિંગ’ કોણ કરતું હતું તે કહી શક્યું નહિ કારણ કે આ બે વ્યક્તિઓ ભારતની બહાર કંપનીઓ ધરાવે છે.

(૭) જે દસ્તાવેજોમાંથી આ કૌભાંડ શોધી કાઢવામાં આવ્યું છે તેમાં અનેક ટેક્સ હેવન દેશોની ફાઈલ્સ, બેન્કોના દસ્તાવેજો અને અદાણી જૂથના ઈમેલનો સમાવેશ થાય છે. ટેક્સ હેવન દેશ એટલે એવો દેશ કે જ્યાં વિદેશીઓની આવક પર વેરા લગતા નથી કે બહુ જ ઓછા વેરા લાગે છે.

(૮) ભારત બહારનો દેશ એટલે મોરિશિયસ. ત્યાંની છૂપી કે અપારદર્શક ઈન્વેસ્ટમેન્ટ ફંડ કંપનીઓ દ્વારા કરોડો ડોલરનું રોકાણ અદાણી જૂથની કંપનીઓમાં કરવામાં આવ્યું છે. આ અપારદર્શક કંપનીઓના માલિકો છે નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ. તેઓ બંને અદાણી પરિવાર સાથે એટલે કે અદાણી જૂથની કંપનીઓના માલિકો સાથે સંબંધ ધરાવે છે.

(૯) નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ દ્વારા એટલે કે તેમની કંપનીઓ દ્વારા અદાણીની કંપનીઓના શેરની લે-વેચ કરીને ભારે નફો હાથવગો કરાયો છે.

(૧૦) અદાણી જૂથની કઈ કંપનીના શેરની લે-વેચ ક્યારે કરવી તે આ બે વ્યક્તિઓ વતી રોકાણ કરનારી જે કંપની હતી તેણે વિનોદ અદાણીની કંપનીને સલાહ આપવા બદલ પૈસા પણ ચૂકવ્યા છે.

(૧૧) આવું ‘ઈન્સાઈડર ટ્રેડિંગ’ કાયદાનો ભંગ છે કે નહિ તે તો અદાણી જૂથની કંપનીઓના પ્રમોટરો એટલે કે મૂળ માલિકો વતી નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ કામ કરતા હતા કે નહિ તેનાથી નક્કી થાય. જો એવું હોય તો અદાણી જૂથની કંપનીઓમાં આ પ્રમોટરો ૭૫ ટકા કરતાં વધુ શેર ધરાવે છે અને તેઓ જો કોઈને શેરની લે-વેચ માટે સલાહ આપે તો તે ભારતના કાયદાનો ભંગ કહેવાય.

(૧૨) જો કોઈ કંપની તેના પોતાના જ ૭૫ ટકા કરતાં વધુ શેર ખરીદે કે પોતાની પાસે રાખે તો તે ગેરકાનૂની છે કારણ કે એ રીતે તે શેરની કૃત્રિમ તંગી ઊભી કરે છે અને તેથી શેર બજારમાં તેના ભાવ વધે છે એમ એક નિષ્ણાત અરુણ અગ્રવાલ કહે છે અને અદાણી જૂથની કંપનીઓએ એમ જ કર્યું છે.

(૧૩) અમેરિકાની હિન્ડેનબર્ગ રિસર્ચ નામની કંપની દ્વારા જે અદાણી કૌભાંડ અહેવાલ ગયા જાન્યુઆરી મહિનામાં આવ્યો હતો તેમાં મોરિશિયસની જે કંપનીઓ દ્વારા અદાણી જૂથની કંપનીઓમાં રોકાણ કરવામાં આવતું હતું તેમનાં નામ હતાં જ. પરંતુ તેમાં અદાણીના શેરોમાં રોકાણ કરવા માટે એ કંપનીઓનો ઉપયોગ કોણ કરતું હતું તેમનાં નામ નહોતાં.

(૧૪) નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ નામની બે વ્યક્તિઓનો સંપર્ક જ્યારે OCCRP ના પત્રકારોએ કર્યો ત્યારે તેમણે અને વિનોદ અદાણીએ કશો જવાબ આપવાની ના પાડી હતી.

(૧૫) વિનોદ અદાણી વિદેશી નાગરિક છે અને ત્રણ દાયકાથી ભારતની બહાર જ રહે છે. તેઓ અદાણી જૂથની કંપનીઓના શેર વિષે બધી જ માહિતી ધરાવે છે કારણ કે અદાણી જૂથે જ ગયા માર્ચ મહિનામાં એમ સ્વીકાર્યું હતું કે તેઓ પ્રમોટર જૂથનો એક ભાગ છે એટલે કે કંપનીઓના મૂળ માલિકોમાંના એક છે. જો કે, તેઓ શેર બજારમાં નોંધાયેલી અદાણી જૂથની કંપનીઓમાં કે તેમની પેટા કંપનીઓમાં કોઈ સંચાલક નથી.

(૧૬) અદાણી જૂથના શેરના ભાવનો કુલ સરવાળો સપ્ટેમ્બર-૨૦૧૩માં માત્ર ૮ અબજ ડોલર થતો હતો અને તે ગયે વર્ષે ૨૬૦ અબજ ડોલર થઈ ગયો હતો. આને બજાર મૂડીકરણ કહેવામાં આવે છે.

(૧૭) અદાણી જૂથ વિષે અમેરિકાની હિન્ડેનબર્ગ રિસર્ચ નામની કંપની દ્વારા જે કૌભાંડ બહાર પાડવામાં આવ્યું હતું તેના સંદર્ભમાં ભારતની સર્વોચ્ચ અદાલતે એક નિષ્ણાત સમિતિ નીમી હતી. આ સમિતિએ ગયા મે મહિનામાં પોતાનો અહેવાલ આપ્યો હતો. તેણે કહ્યું હતું કે સેબી અદાણી કૌભાંડ વિષે તપાસ કરે જ છે.

(૧૮) અદાણી જૂથની કંપનીઓના શેર ખરીદનારા ખરેખર સામાન્ય રોકાણકારો નથી પણ તેઓ અદાણી જૂથની કંપનીઓના માલિકો જ છે એવી શંકા સેબીને વર્ષોથી રહી છે. સેબીએ અદાણીના શેર ધરાવનારી ૧૮ વિદેશી કંપનીઓ સામે ૨૦૨૦માં તપાસ પણ શરૂ કરી હતી. પરંતુ એ તપાસનું કોઈ પરિણામ આવ્યું નહોતું કારણ કે તપાસ કરનારા અધિકારીઓ રોકાણના પૈસા કોના હતા તે શોધી શક્યા નહોતા. સર્વોચ્ચ અદાલતની સમિતિએ પણ એમ કહ્યું કે એ શોધવાનો પ્રયાસ નિરર્થક રહેશે. તેનું કારણ એ છે કે શેરના છેલ્લા માલિક કોણ એ

શોધી નહિ શકાય કારણ કે અનેક કંપનીઓ તેની માલિક છે.

(૧૯) જો કે, OCCRP ના પત્રકારોએ એ શોધી કાઢ્યું છે. ૧૩ વિદેશી કંપનીઓમાંથી બે કંપનીઓનાં નામ છે : ઈમર્જિંગ ઈન્ડિયા ફોકસ ફંડ અને ઈએમ રિસર્જન્ટ ફંડ. આ કંપનીઓ બે કિસ્સામાં સામેલ છે કે જે કેટલાક માલેતુજાર રોકાણકારો વતી કામ કરે છે.

(૨૦) બે વ્યક્તિઓએ બહુ મોટા પ્રમાણમાં આ બે ફંડમાં પૈસાનું રોકાણ કર્યું છે : એક છે યુએઈ(યુનાઈટેડ આરબ અમિરાત)ના નસીરઅલી શબન અહલી અને તાઈવાનના ચાંગ ચુંગ-લિંગ. તેમણે ૨૦૧૩થી ૨૦૧૮ દરમ્યાન અદાણીની ચાર કંપનીઓના શેરની મોટા પ્રમણમાં લે-વેચ કરી હતી. આ પૈસા બરમુડા નામના દેશના એક ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને ચાર કંપનીઓ દ્વારા આવ્યા હતા અને તેથી તે શોધવાનું મુશ્કેલ બની જતું હતું. બરમુડા એ એક બ્રિટિશ પ્રદેશ છે. તે એટલાન્ટિક મહાસાગરમાં આવેલો એક સાવ નાનો ટાપુ છે અને તેની વસ્તી માત્ર ૬૫,૦૦૦ની આસપાસ છે.

(૨૧) આ બે માણસોની આ ચાર કંપનીઓ છે: લિંગો ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ, ગલ્ફ અરિજ ટ્રેડિંગ એફઝેડઈ, મિડઈસ્ટ ઓશન ટ્રેડ અને ગલ્ફ એશિયા ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ. આ કંપનીઓએ કરોડો ડોલરનું રોકાણ અદાણી જૂથની ચાર કંપનીઓમાં કર્યું છે.

(૨૨) આ રોકાણથી કરોડો ડોલરનો નફો તેમને થયો કારણ કે તેમણે નીચા ભાવે શેર ખરીદ્યા અને ઊંચા ભાવે વેચ્યા.

(૨૩) અદાણી પાવર, અદાણી એન્ટરપ્રાઈઝિસ, અદાણી પોર્ટ્સ અને અદાણી ટ્રાન્સમિશન્સ કંપનીઓમાં જુન-૨૦૧૬માં આ બે વ્યક્તિઓની ઉપરોક્ત કંપનીઓએ આશરે આઠથી ૧૪ ટકા શેરમાં રોકાણ કર્યું હતું.

(૨૪) આ બે વ્યક્તિઓના અદાણી પરિવાર સાથે વર્ષોથી સંબંધો રહ્યા હોવાનું કહેવાતું રહ્યું છે. બે વખત ભારતમાં સરકારી તપાસો પણ થઈ છે. પરંતુ ૨૦૦૭ અને ૨૦૧૪ના આ બે કેસ છેવટે પડતા મૂકાયા હતા. ૨૦૧૪ના કેસમાં તો તપાસકાર સરકારી એજન્સી ડીઆરઆઈ દ્વારા એમ કહેવામાં આવ્યું હતું કે અદાણી જૂથની કંપનીએ વીજળી પેદા કરવાની મશિનરી પોતાની જ એક વિદેશી કંપની પાસેથી ખરીદી હતી અને તેમાં ૧૦૦ કરોડ ડોલર વધુ ચૂકવવામાં આવ્યા હતા. એનો અર્થ એ થાય કે ભારતને એટલા વિદેશી હૂંડિયામણનું નુકસાન થયું હતું.

(૨૫) સિંગાપોરમાં તો એક નિવાસી સરનામું ગૌતમ અદાણીના ભાઈ વિનોદ અદાણી અને ચાંગ ચુંગ-લિંગનું એક જ હતું.

(૨૬) અદાણી જૂથની જ એક વ્યક્તિએ પોતાનું નામ નહિ આપવાની શરતે એમ કહ્યું હતું કે આ બે જણને અદાણીની જ એક કંપનીમાંથી સૂચનાઓ આપવામાં આવતી હતી. આને ‘ઈન્સાઈડર ટ્રેડિંગ’ કહેવાય. અદાણીની આ કંપનીનું નામ છે એક્સેલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ એડવાઈઝરી સર્વિસિસ લિમિટેડ. એ યુએઈમાં છે અને તેના કોઈ દસ્તાવેજો ઉપલબ્ધ થતા નથી.

(૨૭) જો કે, OCCRP ના પત્રકારોને કેટલાક દસ્તાવેજો મળ્યા છે અને તેથી ખ્યાલ આવે છે કે વિનોદ અદાણી દ્વારા એક્સેલ કંપની વતી સહીઓ કરવામાં આવી છે. આ કંપનીને સલાહ આપવા બદલ ૧૪ લાખ ડોલર ૨૦૧૨-૧૪ દરમ્યાન ચૂકવવામાં આવ્યા હતા.

(૨૮) એક્સેલ કંપનીની માલિક પણ એક બીજી કંપની છે અને તેના માલિકો વિનોદ અદાણી અને તેમનાં પત્ની છે.

(૨૯) નસીરઅલી શબન અહલી અને ચાંગ ચુંગ-લિંગ દ્વારા અદાણી જૂથની કંપનીઓમાં રોકાણ કરવા માટેના પૈસા ક્યાંથી આવ્યા તે જાણવા મળતું નથી. પરંતુ વિનોદ અદાણીએ મોરિશિયસની કંપની દ્વારા રોકાણ કર્યું હતું એમ દસ્તાવેજો કહે છે.

(૩૦) ભારત સરકારની તપાસકાર સંસ્થા ડીઆરઆઈના નિયામક નજીબ શાહ દ્વારા સેબીને એક પત્ર લખવામાં આવ્યો હતો. તેમાં એમ કહેવામાં આવ્યું હતું કે મશિનરીનો વધુ ભાવ ચૂકવીને જે પૈસા મોરિશિયસ ગયા તેમાંથી કેટલાક પૈસાનું ભારતના શેર બજારમાં રોકાણ થયું હોઈ શકે છે. OCCRP ના પત્રકારોએ શોધી કાઢ્યું કે એ મોરિશિયસની એક કંપની પાસે ગયા હતા કે જેના માલિક વિનોદ અદાણી છે.

**નોંધ:** ઉપર જે લખાણ છે તે OCCRP ના અંગ્રેજી લખાણનો ટૂંકો ભાવાનુવાદ છે. ગુજરાતી વાચકો માટે તે સરળ શબ્દોમાં છે. અનેક કંપનીઓનાં નામો ઝ્રઝ્રઈના અહેવાલમાં છે. સામાન્ય વાચકને તો ખબર જ ના પડે કે કઈ કંપની કોની માલિકીની છે, ક્યાંની છે અને તે કયા દેશમાં છે અને કઈ કંપની કઈ કંપનીમાં કરોડો રૂપિયાનું કે ડોલરનું રોકાણ કરે છે. પણ આ અહેવાલનો સાર આટલો કાઢી શકાય તેમ લાગે છે :

(૧) અદાણી જૂથની કંપની વિદેશમાં મશિનરીના વધુ ભાવ બતાવીને ગેરકાયદે પૈસા લઈ ગઈ છે અને તેને કાયદાની ભાષામાં નાણાંની હેરાફેરી કહી શકાય.

(૨) અદાણી જૂથના શેરના ભાવ ભારતના શેર બજારમાં ઊંચે ગયા છે તેનું કારણ તેમના ૨૫ ટકા શેરમાં લોકોએ કરેલું રોકાણ નથી પણ લોકો તરીકે ઓળખાતી વિદેશી કંપનીઓનું રોકાણ છે. એટલે એ પણ સેબીના નિયમોનો ભંગ છે.

(૩) વિદેશી કંપનીઓને દેશની જ અદાણી જૂથની કંપની શેરની લે-વેચ કરવા સલાહ આપતી હતી અને તે પણ સેબીના નિયમોનો ભંગ છે.

(૪) બે વિદેશી વ્યક્તિઓ અને ગૌતમ અદાણીના વિદેશમાં જ રહેતા ભાઈ વિનોદ અદાણી આ મામલામાં સામેલ છે. ■


JUST CHECKING IF YOU'RE REAL OR A BANNER!
G20 NEW DELHI
G20 SUMMIT DELHI SLUMS COVERED BY BANNERS


"घोड़ों को नहीं मिल रही हैं घास और गधे खा रहे हैं च्यवनप्राश, आपके बारे में नहीं बोल रहा(समझने वाले को इशारा काफ़ी हैं)


ONE NATION, ONE ELECTION!
IN HOW MANY PHASES?


I JUST TOLD HIM THAT THE WORD 'INDIA' IS WRITTEN ON ALL OUR CURRENCY NOTES...!
ECONOMIC ADVISER


ऋषि भाई आपके देश के तीन नाम हैं, इंग्लैंड, ब्रिटेन और यूनाइटेड किंगडम। क्या आप भी कुछ करने वाले हैं, मेरी तरह ?
मैं अनपढ़ नहीं हूँ।
Cartoon creator2


गुरू का सम्मान हमेशा करना चाहिए..
शिक्षक दिवस







વડોદરા ખાતે જન અધિકાર બાઈક રેલી





વડોદરા શહેર - જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત કાર્યકર્તા સંવાદ

Published on every 5th and 20th every month





જેની લાકડીના ટેકે આપણે ચાલ્યા તેવા

# પૂ. મહાત્મા ગાંધીજી

તથા "જય જવાન જય કિસાન"ના પ્રણેતા

# લાલ બહાદુર શાસ્ત્રીજી

ની જન્મજયંતી નિમિત્તે શત શત નમન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.